પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૭ | ૮ એપ્રિલ, ૨૦૨૨, શુક્રવાર; ચૈત્ર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રશિયા સાથેની ભાગીદારી ભારતને ભારે પડશે : યુએસ

**ભાગીદારીનું ભારતે પરિણામ ભોગવવું પડશે : યુએસ : યુક્રેન સાથેના યુદ્ધ છતાં રશિયા સાથે ભારતના વલણથી અમેરિકા નારાજ : એક તરફ અમેરિકા, યુરોપના દેશો, ઓસ્ટ્રેલિયા અને જાપાને રશિયા પર આર્થિક પ્રતિબંધો લગાવ્યા છે ત્યારે ભારતે તો ટીકા પણ કરી નથી : અમેરિકા**

નવી દિલ્હી, તા.૭

રશિયાને લઈને ભારતે જે વલણ અપનાવ્યુ છે તેનાથી અમેરિકા નારાજ છે. વારંવાર દબાણ કર્યા પછી પણ ભારત પોતાનુ વલણ બદલી રહ્યુ નથી તો અમેરિકા હવે ધમકી આપવા પર ઉતરી આવ્યુ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડનના આર્થિક સલાહકાર બ્રાયન ડીજે કહ્યુ છે કે, અમેરિકાએ ભારતને રશિયા સાથે ગઠબંધન કરવા સામે ચીમકી આપેલી છે. યુધ્ધ દરમિયાન કેટલાય પ્રસંગો એવા બન્યા છે જ્યારે અમે ચીન અને



ભારતના વલણથી નિરાશ થયા છે. ભારત જો રશિયા સાથે પોતાની વ્યૂહાત્મક ભાગીદારી હજી પણ આગળ વધારશે તો ભારતને તેના પરિણામો લાંબા સમય સુધી ભોગવવા પડશે. એક કાર્યક્રમમાં બ્રાયન ડીજે કહ્યુ હતુ કે, એક તરફ અમેરિકા, યુરોપના દેશો, ઓસ્ટ્રેલિયા અને જાપાને રશિયા પર આર્થિક પ્રતિબંધો લગાવ્યા છે ત્યારે ભારતે તો રશિયાના હુમલાની ટીકા સુધ્ધા કરી નથી. યુએનમાં પણ ભારત રશિયા સામેના વોટિંગથી અળગુ જ રહ્યુ છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકા ભારતને રશિયા અને યુક્રેન જંગમાં રશિયા વિરુધ્ધ વલણ અપનાવવા માટે સતત ટકોર કરી રહ્યુ છે. અમેરિકાના સંખ્યાબંધ અધિકારીઓ અત્યાર સુધીમાં આ માટે ભારતની મુલાકાત લઈ ચુકયા છે પણ ભારતના વલણમાં કોઈ ફેરફાર થયો નથી. તાજેતરમાં ભારતની મુલાકાતે આવેલા અમેરિકાના ડેપ્યુટી નેશનલ સિક્યુરિટી એડવાઈઝર દિલિપ સિંહે પણ ભારતને રશિયા સાથેના સબંધો આગળ નહીં વધારવા માટે અપીલ કરી હતી.

# સીએનજીમાં વધુ ત્રણ રૂપિયાનો ભાવ વધારો

**સીએનજીના ભાવમાં આજે ફરી કમરતોડ ભાવ વધારો ઝીંકાયો : મુઝફ્ફરનગર, મેરઠ અને શામલીમાં સીએનજી ૭૬.૩૪ રૂપિયામાં વેચાઈ રહ્યો છે, ગુરુગ્રામમાં CNGની કિંમત ૭૭.૪૪ રૂપિયા પ્રતિ કિલો થઈ**

નવી દિલ્હી,તા.૭

મોંઘવારીના માર વચ્ચે પીસાતી જનતાને ગુરુવારે ફરી એકવાર મોટો માર પડ્યો છે, મોંઘવારી કૂદકેને ભૂસકે વધી રહી છે, ત્યારે સવારમાં ઉઠતાની સાથે જ મોટો આંચકો લાગ્યો છે. કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસના ભાવમાં સતત બીજા દિવસે કમરતોડ ભાવ વધારો ઝીંકાયો છે. આજે સીએનજીના ભાવમાં પ્રતિ કિલો ૩ રૂપિયાનો વધારો થયો છે. એક અઠવાડિયામાં અત્યાર સુધીમાં સીએનજી પર ૯.૬૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. અગાઉ સીએનજીના ભાવમાં આગલા દિવસે પ્રતિ કિલો રૂ. ૨.૫૦નો વધારો કરવામાં આવ્યો હતો. તે મુજબ આજનો વધારો તાજેતરના સમયમાં સૌથી વધુ છે. ત્રણ રૂપિયાના વધારા બાદ આજે દિલ્હીમાં સીએનજીની કિંમત ૬૯.૧૧ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે, જ્યારે નોઈડા, ગ્રેટર નોઈડા અને ગાઝિયાબાદમાં તે ૭૧.૬૭ રૂપિયા પ્રતિ કિલોના

● અનુસંધાન પાન-૭ પર



# મફત ખાદ્યાન્ન યોજનાથી દેશમાં ગરીબી પર અંકુશ લાગ્યો

**IMF એ માન્યું પીએમ મોદીની યોજનાને કારણે કોરાના માહામારી વચ્ચે પણ ભારતમાં આર્થિક સંકટ ટળ્યું**

નવી દિલ્હી,તા.૭

આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષનાં રિપોર્ટ અનુસાર, ભારત સરકારની પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાએ કોરોના મહામારી દરમિયાન દેશમાં એક મોટા આર્થિક સંકટને ટાળી દીધુ છે. અને ગરીબીને રોકવામાં આ યોજના કામિયાબ રહી. આઈએમએફની આ રિપોર્ટ અનુસાર, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાએ વૈશ્વિક મહામારી દરમિયાન પણ ભારતમાં અત્યંત ગરીબોની સંખ્યામાં વદ્ધિ થવા દિધી ન હતી. નામથી આ રિપોર્ટ ભારત, બાંગ્લાદેશ, ભૂટાન અને શ્રીલંકા માટે IMFનાં કાર્યકારી નિદેશક અને ભારતીય પ્રધાનમંત્રીની આર્થિક સલાહકાર પરિષદનાં પૂર્વ અંશકાલિક સભ્ય સુરજીત ભલ્લા, ન્યૂયોર્ક સ્થિત અર્થશાસ્ત્રી કરણ ભસીન અને ભારત સરકારનાં પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ વિરમાની દ્વારા લખવામાં આવી છે.

IMFના આ રિપોર્ટ અનુસાર, ૨૦૧૯માં ભારતમાં ૧ ટકાથી પણ ઓછી આબાદી અત્યંત ગરીબીમાં રહી રહી હતી અને ૨૦૨૦માં મહામારી દરમિયાન પણ આ આંકડો આશરે એટલો જ રહ્યો. આ પહેલાંની કેટલીક સ્ટડીઝમાં મહામારીને કારણે ભારતમાં અત્યંત ગરીબી વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી .જૂન ૨૦૨૦માં જાહેર કરવામાં આવેલાં તેમનાં રિપોર્ટમાં સંયુક્ત રાષ્ટ્ર યૂનિવર્સિટીનાં UNU-WIDERએ કહ્યું હતું કે, મહામારીને કારણે દુનિયાભરમાં ૩૯.૫



કરોડ લોકો અંત્યંત ગરીબીમાં ગરકાવ થઈ શકે છે. તો સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ ટોનિયો ગુટેરેસે ૨૦૨૧માં ૪.૯ કરોડ લોકોને અત્યંત ગરીબીનો શિકાર થવાની આશંકા જાતવી હતી. આ રીતે ઓગસ્ટ ૨૦૨૦માં વિશ્વ બેંકે કહ્યું હતું કે, મહામારીને કારણે ૧૦ કરોડ લોકો અત્યંત ગરીબ થઈ ગયા છે.

# લખનૌમાં મુખ્યમંત્રી આવાસ ઉપર CRPFની ટૂકડી તૈનાત

**ગોરખપુર કાંડ બાદ મુખ્યમંત્રી યોગીની સુરક્ષામાં વધારો : કેન્દ્રીય સુરક્ષા દળોની બે પ્લાટૂન ૨૪ કલાક હાજર રહેશે**

લખનૌ, તા.૭

ગોરખનાથ મંદિરની બહાર પોલીસકર્મચારીઓ પર થયેલા હુમલા બાદ ઉત્તર પ્રદેશ પોલીસ એલર્ટ થઈ ગઈ છે. તમામ મંદિરો અને મઠોની સુરક્ષામાં વધારો કરી દેવામાં આવ્યો છે. કાલીદાસ માર્ગ સ્થિત સીએમ આવાસ પર સીઆરપીએફની ટુકડી તૈનાત કરી દેવામાં આવી છે.





ગોરખપુર કાંડ બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્રીય સુરક્ષા દળોની બે પ્લાટૂનના ૭૨ મહિલા અને પુરુષ જવાન ૨૪ કલાક હાજર રહેશે. સીએમ આવાસની બહાર સીઆરપીએફની ૨૩૩ બટાલિયનની અલ્ફા યુનિટ પણ છે જેમાં મહિલા જવાન હોય છે.

હાલના દિવસોમાં મુખ્યમંત્રી આવાસ પર જનતા દરબાર લાગી રહ્યો છે જેમાં યુપીના અલગ-અલગ ખુણામાંથી આવેલા ફરિયાદી પોતાની ફરિયાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સામે મૂકે છે. જનતા દરબારમાં કોઈ શંકાસ્પદ વ્યક્તિ પ્રવેશ ન કરે અને લોકોની તપાસ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે લખનૌ પોલીસને આપવામાં આવેલ સીઆરપીએફ યુનિટને સાવચેતીના પગલા તરીકે મૂકવામાં આવ્યું છે.

ગોરખનાથ મંદિરની સુરક્ષામાં કરવામાં આવ્યો વધારો કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સમીક્ષા બાદ ગોરખનાથ મંદિરની સુરક્ષામાં વધારો કરી દેવામાં આવ્યો છે. મંદિરના પ્રથમ ગેટ પર જ હથિયારબંધી પીએસીના જવાનને તૈનાત કરી દેવામાં આવ્યા છે. દરેક મુલાકાતીઓની તલાશી લેવામાં આવી રહી છે. મહિલાઓની તલાશી માટે મહિલા પોલીસ પણ તૈનાત કરી દેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ૫ વર્ષમાં કેન્દ્રના ૬૦૦થી વધારે સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક થયા

**વર્ષ ૨૦૨૨માં અત્યાર સુધી ૨૮ સરકારી સોશિયલ મીડિયા એકાઉન્ટને બેન કરવામાં આવ્યા**

નવી દિલ્હી, તા.૭

વર્તમાન યુગમાં સાયબર ફ્રોડ સામાન્ય બની ગયું છે. શું સામાન્ય શું ખાસ છે, કોઈપણ વ્યક્તિ સાયબર ફ્રોડનો શિકાર બની શકે છે. આલમ એ છે કે, સરકારી સોશિયલ મીડિયા એકાઉન્ટ પણ હેકિંગથી સુરક્ષિત નથી. આ મામલે કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે મંગળવારે સંસદમાં માહિતી આપી તે પ્રમાણે છેલ્લા ૫ વર્ષમાં કેન્દ્ર સરકારના ૬૦૦થી વધારે સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક થઈ ચૂક્યા છે. સરકાર પર સરકારી ટ્વીટર હેન્ડલ અને ઈ-મેઈલ એકાઉન્ટ હેક થવા વિશે એક સવાલ પૂછવામાં આવ્યો હતો જેના જવાબમાં અનુરાગ ઠાકુરે ભારતીય કમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ(સીઈઆરટી-ઈન)દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે સંસદને જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું કે, વર્ષ ૨૦૧૭થી અત્યાર સુધીમાં લગભગ ૬૪૧ જેટલા એકાઉન્ટ હેક કરવામાં આવી ચૂક્યા છે. લોકસભામાં આપવામાં આવેલા લેખિત જવાબમાં ઠાકુરે જણાવ્યું કે, ૨૦૧૭માં કુલ ૧૭૫ એકાઉન્ટ હેક કરવામાં આવ્યા હતા જ્યારે વર્ષ ૨૦૧૮માં સંખ્યા ઘટીને ૧૧૪ થઈ ગઈ હતી. જ્યારે ૨૦૧૯માં હેકિંગની સંખ્યા ૬૧ થઈ ગઈ હતી પરંતુ વર્ષ ૨૦૨૦માં ફરી હેકિંગની સંખ્યા વધીને ૭૭ થઈ ગઈ હતી. તેના એક વર્ષ બાદ ૨૦૨૧માં હેક થયેલી સરકારી એપની સંખ્યા વધીને ૧૮૬ થઈ ગઈ હતી. બીજી તરફ ૨૦૨૨માં અત્યાર સુધી ૨૮ સરકારી સોશિયલ મીડિયા એકાઉન્ટને બેન કરવામાં આવ્યા છે. સાયબર હેકિંગને મજબૂત કરવાના સવાલના જવાબમાં ઠાકુરે જણાવ્યું કે, સાયબર સુરક્ષા વધારવા માટે સાઈઆરટી-ઈનની સ્થાપના કરવામાં આવી છે. આ ડિજિટલ ટેક્નોલેજીના સુરક્ષિત ઉપયોગને સુનિશ્ચિત કરવાનું કામ કરે છે. સીઈઆરટી-ઈન એ ડેટા સુરક્ષા અને છેતરપિંડી ગતિવિધિઓને ઘટાડવા માટે સંગઠનો અને વપરાશકર્તાઓ માટે ૬૮ સલાહ જારી કરી છે.

# હાઈપરસોનિક મિસાઈલ વિકસાવવા સામે ચીનનો વિરોધ

**અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયા દ્વારા હાઈપરસોનિક હથિયારો પર કામ કરવાની યોજનાની જાહેરાત થઈ હતી**

બેઈજિંગ, તા.૭

ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ કિંગડમ અને યુએસ પર ચીને શીત યુદ્ધની માનસિકતા રાખવાનો આરોપ લગાવ્યો છે. ચીને બુધવારે આ આરોપ લગાવતા કહ્યું કે, યુએસ, યુનાઈટેડ કિંગડમ અને ઓસ્ટ્રેલિયા પોતાની આતંરરાષ્ટ્રીય જવાબદારીને પૂરી કરવા અને પ્રાદેશિક શાંતિ અને સ્થિરતામાં યોગદાન કરવા વાળા કામ વધારે કરી રહ્યા છે.

ચીન તરફથી આ નિવેદન અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયા દ્વારા કરવામાં આવેલા ત્રિપક્ષીય સુરક્ષા કરાર હેઠળ હાઈપરસોનિક હથિયારો પર કામ કરવાની યોજનાની જાહેરાત બાદ આવ્યું છે.

યુક્રેન સંકટનો ફાયદો ઉઠાવતા અને એશિયા-પેસિફિકમાં સુરક્ષા અને સ્થિરતા જાળવી રાખવાના બહાને છેંદ્બેંજીએ એક હાઈ પ્રોફાઈલ રીતે જાહેરાત કરી છે. જે મુજબ અમેરિકા અને બ્રિટન ઓસ્ટ્રેલિયાને પરમાણુ ઊર્જાથી ચાલતી સબમરીન આપશે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝાઓ લિજિયને આ વાત જણાવી હતી. તેમણે વધુમાં કહ્યું કે, ત્રણેય દેશો હાઈપરસોનિક હથિયારો જેવી અદ્યતન સૈન્ય ટેકનોલોજી વિકસાવવામાં સહયોગ કરશે. આ માત્ર પરમાણુ પ્રસારનું જોખમ વધારે છે અને તે આંતરરાષ્ટ્રીય અપ્રસાર પ્રણાલી માટે ફટકો છે. આનાથી દેશો વચ્ચેની શસ્ત્ર સ્પર્ધાને પણ વેગ મળશે સાથે જ એશિયા-પેસિફિકમાં શાંતિ અને સ્થિરતા નબળી પડશે.

ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ કિંગડમ અને યુએસ (છેંદ્બેંજી)એ મંગળવારે નવી હાઈપરસોનિક અને ઈલેક્ટ્રોનિક યુદ્ધ ક્ષમતાઓના વિકાસ પર ત્રિપક્ષીય સહયોગ શરૂ કરવા પર સહમતિ વ્યકત કરી હતી. તેઓએ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, છેંદ્બેંજી ભાગીદારો અદ્યતન હાઈપરસોનિક અને કાઉન્ટર-હાયપરસોનિક ક્ષમતાઓના વિકાસને વેગ આપવા માટે સાથે મળીને કામ કરશે.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

# હંગેરી રશિયા પાસેથી રૂબલમાં ઓઈલ ખરીદશે

**રશિયાથી ભારત ઓઈલ ખરીદવાનો નિર્ણય કરતા યુએસ નારાજ : પુતિનના રૂબલમાં જ ગેસ ખરીદવો પડશે તેવી ધમકીના જવાબમાં સંયુક્ત મોરચો માંડવા માટે પ્રયત્નોને ઝાટકો**

મોસ્કો, તા.૭

રશિયા અને યુક્રેન વચ્ચેના જંગના કારણે ક્રુડ ઓઈલના ભડકે બળતા ભાવ વચ્ચે ભારતે રશિયા પાસેથી સસ્તા ભાવે ઓઈલ ખરીદવાનુ નક્કી કર્યુ છે.

જેની સામે અમેરિકા ધુંઆ પુંઆ થઈ રહ્યુ છે પણ અમેરિકાને હવે તેના જ એક સહયોગી દેશ હંગેરીએ ઝાટકો આપ્યો છે. યુરોપિયન યુનિયનના સભ્ય હંગેરીએ એલાન કર્યુ છે કે, અમે રૂબલમાં પેમેન્ટ કરીને રશિયા પાસેથી ગેસ ખરીદીશું. યુરોપિયન યુનિયને રશિયાના રાષ્ટ્રપતિ પુતિનના રૂબલમાં જ ગેસ ખરીદવો પડશે તેવી ધમકીના જવાબમાં સંયુક્ત મોરચો માંડવા માટે પ્રયત્નો કર્યા હતા પણ હંગેરીએ તેનાથી અલગ વલણ અપનાવ્યુ છે. હંગેરીના પીએમ વિકટર ઓરબોને કહ્યુ હતુ કે, જો રશિયા રૂબલમાં પેમેન્ટ માંગશે તો અમે રૂબલમાં પેમેન્ટ કરીશું. બીજી તરફ યુરોપિયન યુનિયન કહી રહ્યુ છે કે, જે દેશોએ યુરો કે ડોલરમાં પેમેન્ટ કરવા માટે કરાર કર્યા હોય તેમણે પોતાના કરાર પર અડી રહેવુ જોઈએ. ઉલ્લેખનીય છે કે, વિકટર ઓરબોન સરકારના રશિયા સાથે ૧૦ વર્ષથી ઘનિષ્ઠ સબંધ રહ્યા છે. વિક્ટર ઓરબોન હંગેરીમાં સતત ચોથી વખત ચૂંટણી જિત્યા છે. તેમણે લોકોને વાયદો કર્યો હતો કે, હું ચૂંટણી જીત્યો તો લોકોના ઘરમાં ગેસ સપ્લાય ચાલુ રહેશે.

# દુષ્કાળ માત્ર પાંચ દિવસમાં ૪૬ ટકા તબાહી મચાવી શકે

**જળવાયુ પરિવર્તનના કારણે દુનિયા ગરમ થઈ રહી છે : વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે આ પ્રકારના દુષ્કાળ ગરમીમાં માત્ર થોડો જ વધારો થવા સાથે સર્જાય છે**

નવી દિલ્હી, તા.૭

જળવાયુ પરિવર્તનના સતત પ્રતિકૂળ પ્રભાવના કારણે આખી દુનિયા ગરમ થઈ રહી છે અને તેના કારણે વારંવાર પૂર અને દુષ્કાળની સ્થિતિ સર્જાઈ રહી છે. વૈજ્ઞાનિકો દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે, હવેથી દુનિયામાં અચાનક પૂરની માફક દુષ્કાળ પણ અચાનક જ આવશે અને તે માત્ર ૫ જ દિવસમાં ૩૩થી ૪૬ ટકા જેટલી તબાહી મચાવી શકે છે.

વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે આ પ્રકારના દુષ્કાળ ગરમીમાં માત્ર થોડો જ વધારો થવા સાથે સર્જાય છે. છેલ્લા ૨ દશકામાં તેની ઝડપમાં વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૧૨-૧૩માં ઉત્તરી અમેરિકા, મધ્ય અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ચીન અને આફ્રિકા જેવા દેશોમાં તે જોવા મળ્યું છે. 'નેચર કોમ્યુનિકેશન્સ' જર્નલમાં પ્રકાશિત અધ્યયન પ્રમાણે અત્યાર સુધી આવા દુષ્કાળ દક્ષિણ પૂર્વ એશિયા, પૂર્વીય એશિયા, એમેઝોન બેઝિન, પૂર્વી ઉત્તરી અમેરિકા, દક્ષિણી દક્ષિણ અમેરિકામાં મુખ્યત્વે જોવા મળતા હતા.

સંશોધકોના કહેવા પ્રમાણે મોનિટરીંગમાં વધારો કરવાથી અને અવલોકન દ્વારા તેનું પૂર્વાનુમાન લગાવવામાં મદદ મળશે. સમગ્ર વિશ્વમાં જળવાયુનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે તેના અનુસંધાને પણ આ ખૂબ જ જરૂરી છે. હોંગકોંગ પોલિટેક્નિક યુનિવર્સિટી ખાતે કરવામાં આવેલા અભ્યાસના સંશોધકોના મતે અચાનક આવનારા દુષ્કાળ અંગેની વૈશ્વિક તસવીર સ્પષ્ટ બને તે ખૂબ જ જરૂરી છે. તેનાથી તેના વિકાસ અને સ્વરૂપોની જાણકારી મળી શકશે અને તે વૈશ્વિક સ્તરે કઈ રીતે વિકસિત થઈ રહ્યા છે તે જાણી શકાશે. આ માટે સંશોધકોએ ૨૧ વર્ષના હાઈડ્રોક્લાઈમેટ આંકડાઓનો અભ્યાસ કર્યો હતો.

સંશોધકોએ વર્ષ ૨૦૦૦થી ૨૦૨૦ દરમિયાન સમગ્ર વિશ્વમાં માટીમાં ભેજની જાણકારી એકત્રિત કરીને હાઈડ્રોક્લાઈમેટના આંકડા એકત્રિત કર્યા હતા. આંકડાઓ પ્રમાણે

● અનુસંધાન પાન-૭ પર